પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૧૩, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૪-૦૧-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 113 PRICE :-RS. 1.50 DATE : 04-01-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોના મહામારીની વિરુદ્ધ ચાલી રહેલ લડાઈમાં દેશને મળી મોટી સફળતા

# DCGIએ ભારતમાં કોવિશીલ્ડ અને કોવેક્સિનની રસીને મંજૂરી આપી

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસ મહામારીની વિરૂદ્ધ ચાલી રહેલી લડાઈમાં આજે દેશને સૌથી મોટી ખુશખબરી મળી છે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ એક સાથે બે વેકસીન કોવિશીલ્ડ અને કોવેક્સીનને ભારતમાં ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. પીએમ મોદીએ આ અંગે ટ્વીટ કરીને દેશને અભિનંદન પાઠવ્યા છે. તેની સાથે જ ડીસીજીઆઈએ કોરોના વેક્સીન સાથે જોડાયેલી અફવાઓ પર પણ વિરામ મૂકી દીધો છે.




ડીસીજીઆઈના નિર્દેશક વીજી સોમાનીએ કહ્યું કે જો સુરક્ષાની થોડીક પણ આશંકા હોત તો અમે એવી કોઈપણ વસ્તુને મંજૂરી ના આપી હોત. આ વેક્સીન ૧૧૦ ટકા સુરક્ષિત છે. નજીવો તાવ, દુઃખાવો અને એલર્જી જેવા કેટલીક અસર દરેક વેક્સીન માટે સામાન્ય છે. વેક્સીનથી લોકો નપુસંક થઈ શકે છે એ દાવો સંપૂર્ણપણે બકવાસ છે.

સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, પૂણેના સીઈઓ અદાર પૂનાવાલા એ પણ આ અંગે ટ્વીટ કરીને માહિતી આપી. તેમણે ટ્વિટ કરી- બધાને નવું વર્ષ મુબારક. કોવિશીલ્ડ, ભારતની પહેલી કોવિડ-૧૯ વેક્સીનને મંજૂરી મળી ગઈ છે. સુરક્ષિત અને પ્રભાવી આ વેક્સીન આવનાર સપ્તાહમાં રોલ-આઉટ માટે તૈયાર છીએ. કોવિશીલ્ડ અને કોવેક્સીનના બે ડોઝ લેવા પડશે. જ્યારે કેડિલાની રસીના ત્રણ ડોઝ લેવા પડશે તેમ ડીસીજીઆઈએ જણાવ્યું.

સમાજવાદી પાર્ટીના એમએલસી આશુતોષ સિન્હા એ કહ્યું હતું કે તેઓ (અખિલેશ યાદવ) રસી નથી મૂકાવી રહ્યા તો અમને લાગે છે કે કયાંક ને કયાંક આ વેક્સીનમાં કંઈક એવી વસ્તુ હશે અને નુકસાન થઈ જાય. મને લાગે છે કે બાદમાં લોકો કહી દે કે વસતી ઓછી કરવા માટે, મારવા માટે લગાવી દીધી વેક્સીન. તમને નપુંસક બનાવી દે, કંઈ પણ થઈ શકે છે.

એસપી ચીફ અને યુપીના પૂર્વ સીએમ અખિલેશ યાદવે કહ્યું કે હાલ હું રસી મૂકાવી રહ્યો નથી. હું ભાજપની રસી પર કેવી રીતે વિશ્વાસ કરી શકું. જ્યારે અમારી સરકાર બનશે તો બધાને ફ્રીમાં રસી અપાશે. અમે ભાજપની રસી મૂકાવી શકીએ નહીં. જો કે બાદમાં અખિલેશ યાદવે તેને લઈ સ્પષ્ટતા કરી દીધી.

તાવ અને ધ્રુજારી વેક્સીનની સૌથી સામાન્ય આડઅસર છે. આ સિવાય કેટલીય વેક્સીનથી લોકોને માથાનો દુઃખાવો થવાની ફરિયાદ પણ થતી હોય છે. આંકડા બતાવે છે કે વેક્સીન લેનાર અડધા લોકોને નજીવું માથું દુઃખે છે. વેક્સીનની આપણા પાચન તંત્ર પર થોડીક અસર થઈ શકે છે. ચક્કર આવવા, ઉલટી થવી, થાક લાગવા જેવી ફરિયાદ પણ રસી બાદ થાય છે. જો કે ડીસીજીઆઈનું કહેવું છે આ પ્રકારની આડઅસર વેક્સીન લગાવવા પર સામાન્ય હોય છે. એવામાં ગભરાવાની જરૂર નથી. બંને વેક્સીન ૧૧૦ ટકા સુરક્ષિત છે.

## કોરોના સામેની લડતમાં રાજ્ય સરકારે રૂપિયા ૧ હજાર કરોડથી વધુનો ખર્ચ કર્યો: નીતિન પટેલ

ગાંધીનગર,

કોરોના વાયરસ સામે જંગ લડી રહેલા ભારત માટે રવિવારનો દિવસ ખાસ બની રહ્યો છે. રવિવારે ભારતને કોરોના સામે લડવા માટે હથિયારરૂપી ૨ વેક્સિનને મંજૂરી મળી ગઈ છે. ડીસીજીઆઈએ મોટી જાહેરાત કરતા સીમર ઈન્સ્ટિટ્યૂટની કોવિશીલ્ડ અને ભારત બાયોટેકની વેક્સિન કોવેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. તો હવે ગુજરાતના નાયબ મુખ્યમંત્રીએ મહત્વનું નિવેદન આપ્યું છે. નાયબ



મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું છે કે, મેડિકલ સ્ટાફ, આશાવર્કર અને પોલીસને વેક્સિન આપવામાં આવશે. ત્યારબાદ ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને વેક્સિન આપવામાં આવશે. તેમણે કહ્યું કે, હજુ પણ બીજી બે વેક્સિનના અંતિમ ટ્રાયલ ચાલું છે અને તેને પણ મંજૂરી આપવામાં આવી શકે છે.

નાયબ મુખ્યમંત્રીએ કહ્યું છે કે, ૧.૩ કરોડની વસ્તી ધરાવતા દેશમાં યુવાનોને બાદ કરતા તમામ લોકોને વેક્સિન પહોંચી શકે છે. આ સાથે ૫૦ વર્ષથી ઉપરની વયના લોકો અને બીજી કોઈ બીમારીથી પીડાતા લોકોને પહેલા આ રસી આપવામાં આવશે. પહેલા તબક્કામાં ૩૦ કરોડ લોકોને રસી આપવામાં આવશે. ત્યારબાદ બીજા ૩૦ કરોડ લોકોને રસી આપવામાં આવશે. વેક્સિનનો કેટલો ચાર્જ લેવામાં આવશે? તે વિશે તેમણે કહ્યું કે, અત્યારે વેક્સિનના ચાર્જ અંગે કોઈ ચર્ચા નથી. વેક્સિન મળે તેની રાહ જોવાઈ રહી છે. આર્થિક રીતે સક્ષમ લોકો ભારત સરકાર તરફથી મંજૂરી અપાયેલી રસીને પોતાની રીતે લઈ શકે છે.

નાયબ મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, નાગરિકોની સલામતી એ ગુજરાત સરકારની પ્રાથમિકતા છે. તેનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, આજ દિન સુધી કોરોના સામેની લડતમાં રાજ્ય સરકારે રૂપિયા ૧ હજાર કરોડથી વધુનો ખર્ચ કર્યો છે. ભારત સરકારે વેક્સિનેશન માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે અને તમામ ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી રાજ્ય સરકાર રસીકરણનો આરંભ કરશે.

## ગાઝિયાબાદમાં સ્મશાન ઘાટની છત પડતાં ભયંકર દુર્ઘટના: ૧૮ લોકોના મોત

ગાઝિયાબાદ,

ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. ગાઝિયાબાદના એક સ્મશાનમાં છત પડી જતાં લગભગ ૪૦ લોકો દબાયા હોવાની માહિતી મળી રહી છે. જ્યારે ૧૮ લોકોના મોત થયા છે અને ઘણા લોકોને ઈજા પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલ રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે.




ગાઝિયાબાદના મુરાદનગર વિસ્તારમાં આવેલા સ્મશાન ઘાટની છત પડતાં અનેક લોકો દબાયા હતા. ઘટનાની જાણ થતાં ગાઝિયાબાદ પોલીસ અને રેસ્કયૂ ઓપરેશન ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

આજે સવારે દિલ્હી એનસીઆરમાં વરસાદ પડી રહ્યો હતો. ત્યારે મુરાદનગર સ્થિત સ્મશાનમાં કેટલાક લોકો એક વ્યક્તિના અંતિમ સંસ્કાર કરવા માટે આવ્યા હતા. વરસાદને કારણે કેટલાક લોકો છત નીચે ઉભા હતા, આ દરમિયાન છત પડી હતી. જેમાં લગભગ ૪૦ લોકો દબાઈ ગયા હોવાનું કહેવાય છે. જ્યારે ૧૮ લોકોના મોતનાં સમાચાર મળી રહ્યાં છે. ઉપરાંત ૧૫ લોકોને બહાર કાઢી હોસ્પિટલ ખસેડાયા છે.

ધરાશાયી લેન્ટર મોટું હોવાને લીધે રેસ્ક્યૂ ઓપરેશન માટે ક્રેન બોલાવવામાં આવી છે. જ્યારે વરસાદને કારણે પણ રેસ્ક્યૂમાં મુશ્કેલી પડી રહી છે. હાલ પોલીસ અને એનડીઆરએફની ટીમ દ્વારા બચાવ કામગીરી ચાલુ છે.

વળી, આ દૂર્ઘટના પર સીએમ યોગી આદિત્યનાથે સંજ્ઞાન લીધુ છે. સીએમ કાર્યાલય તરફથી કહેવામાં આવ્યુ ગાઝિયાબાદના મુરાદનગરમાં છત પડવાની ઘટનાનુ સંજ્ઞાન લેતા જિલ્લાધિકારી તથા વરિષ્ઠ પોલીસ અધિક્ષકને તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને રાહત તથા બચાવ કાર્ય શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. સીએમે કહ્યું ઘટનાથી પ્રભાવિત દરેક વ્યક્તિઓને દરેક સંભવ મદદ પહોંચાડવામાં આવશે, તથા દૂર્ઘટનામાં ઘાયલ લોકોની યોગ્ય સારવાર કરવામાં આવશે.

## જુનાગઢમાં મેડિકલ ઓફિસર સામે લાંચ માગવાના કિસ્સામાં ACBએ ગુનો કર્યો દાખલ

જુનાગઢ,




જુનાગઢ મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર સામે લાંચ માગવાના કિસ્સામાં એસીબીએ ગુનો દાખલ કરતાં ફફડાટ મચી ગયો છે. મનપાના મેડિકલ ઓફિસરે બે વર્ષ પહેલા એક કર્મચારીને કાયમી કરવા તથા ઉચ્ચતર પગારમાં લેવા માટે લાંચની માગણી કરતો ઓડિયો વાયરલ થયો હતો.જેના આધારે જૂનાગઢ એસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી પરંતુ એસીબીએ બે વર્ષ સુધી ફરિયાદ દાખલ નહીં કરેલ જેથી અરજદાર તુષાર સોજીત્રાએ હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. જેમાં હાઈકોર્ટે આદેશ કર્યો હતો કે એસીબીના ડાયરેકટરે આ કિસ્સાની તપાસ કરી અને ચાર જાન્યુઆરીના રોજ આ અંગેની તપાસ કરી રીપોર્ટ કરવાનો હતો. પરંતુ આ ઓડિયો ક્લિપ એફએસએલમાં તપાસ અર્થે હોય જેથી એસીબી દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવતી ન હતી હવે ડોક્ટર રવિ ડેડાણીયા સામે જૂનાગઢ એસીબી પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે ગુનો દાખલ થયો છે. પરંતુ ફરિયાદી તુષાર સોજીત્રાએ આક્ષેપ કર્યો છે કે હજુ પણ મનપાના તત્કાલીન કમિશનર વીજે રાજપુત સામે ગુનો દાખલ કરવામાં આવેલ નથી કે તેના નામનો પણ ફરિયાદમાં ઉલ્લેખ નથી.

## વડોદરામાં SOG હોસ્પિટલે હંગામી કર્મચારીઓને છુટા કરી દેતાં વિવાદ




વડોદરા,

વડોદરાની એસએસજી હોસ્પિટલના કોરોનાના હંગામી કર્મચારીઓને છુટા કરી દેતાં વિવાદ સર્જાયો છે. સવારે કર્મચારીઓ જમાદાર ઓફિસ પહોંચતા છુટા કરવામાં આવ્યા હોવાની જાણ કરવામાં આવી હતી. કોવિડ વોર્ડના કર્મચારીઓ એકત્રિત થઈ કોન્ટ્રેક્ટર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો. વર્ગ ૪ ના કર્મચારીઓ ૨ મહિના થી પગારથી વંચિત હોવાનો આરોપ મુક્યો છે. કોવિડ વોર્ડમાં કામ કરતા ૨૫૦ લોકોને છૂટા કરવામાં આવ કર્મચારીઓ રોષ જોવા મળ્યો છે..અત્યાર સુધી તબક્કાવાર ૬૦૦ લોકોને છુટા કરવામાં આવ્યા છે. બાકી પગાર સાથે ફરી ફરજ પર લેવા કર્મચારીઓએ માંગ કરી હતી.

## નાઈજિરિયાના માલીમાં મોટો આતંકી હુમલો, ૭૦ના મોત નીપજ્યા



અબુજા,

આફ્રિકી દેશ નાઈજિરિયામાં થયેલા એક આતંકવાદી હુમલામાં ૭૦થી વધારે લોકોના મૃત્યુ થયાના સમાચાર છે. મીડિયા રિપોર્ટ અનુસાર આતંકવાદીઓએ માલીની સરહદે સ્થિત બે ગામડા પર હુમલો કરીને ૭૦ લોકોની હત્યા કરી દીધી. આ હુમલામાં ૨૦ થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા છે. હિંસા વાળા વિસ્તારમાં ગૃહયુદ્ધના કારણે વર્ષ ૨૦૧૭થી જ ઈમરજન્સી લાગુ છે. આતંકવાદીઓએ અહીં બે ગામને નિશાન બનાવ્યા છે. નાઈજિરિયાની સરકાર આરોપ લગાવતી રહી છે કે માલીના સશસ્ત્ર જૂથ તેમના રાજ્યની સરહદમાં ઘૂસીને આતંકી ઘટનાને અંજામ આપે છે. આ હુમલા પર હજુ સુધી કોઈ આતંકી જૂથે સત્તાકીય નિવેદન આપ્યુ નથી. આ વિસ્તારમાં અલ કાયદા અને ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા કેટલાક આતંકી સંગઠન સક્રિય છે. નાઈજિરિયામાં ૨૭ ડિસેમ્બરે બોરનો પ્રાંતમાં આતંકી સંગઠન બોકોના હુમલામાં ૧૦ના મોત થયા હતા. બોરનો પ્રાંતીય સરકાર અનુસાર હુમલાખોરોને ચાર ગામને નિશાન બનાવ્યા હતા. આતંકીઓએ સૌથી પહેલા અજારે નગરમાં હુમલો કર્યો જ્યાં સરકારી કાર્યાલયો અને પોલીસ સ્ટેશનને નિશાન બનાવવામાં આવ્યા.

## આંધ્રપ્રદેશ સરકારે TDP નેતા અશોક ગજપતિ રાજૂને ત્રણ મંદિર ટ્રસ્ટોનાં અધ્યક્ષ પદ પરથી હટાવાયા

અમરાવતી,

આંધ્ર પ્રદેશમાં મંદિરો પર થઈ રહેલા હુમલાને જોતા એક મહત્વનો નિર્ણય લઈને તેલુગુ દેશમ પાર્ટીનાં નેતા અશોક ગજપતિ રાજૂને રાજ્યનાં ત્રણ મંદિરોનાં અધ્યક્ષ પદેથી હટાવી દીધા છે, એક સત્તાવાર નિવેદનમાં સરકારે કહ્યું કે પુર્વ કેન્દ્રીય પ્રધાન અશોક ગજપતિને મંદિરોનાં પોતાના કર્તવ્યોનું નિર્વહન અને સુરક્ષા મુદ્દો સારી રીતે સંભાળી ન શકવાનાં કારણે તેમને હટાવવામાં આવી રહ્યા હોવાનું કારણ આપ્યું છે.

અશોક ગજપતિ રાજૂ વિજયનગરમ જિલ્લામાં શ્રી રામ સ્વામી દેવસ્થાનમમાં ભગવાન રામની મુર્તિને વિધ્વંસ થતી રોકવા માંટેનાં પગલા લેવામાં નિષ્ફળ રહ્યા છે.



રાજ્યની જગન મોહન રેડ્ડીનાં નેતૃત્વમાં રાજ્ય સરકારે કહ્યું કે તે આ મામલે સાવધાનીપુર્વક તપાસ બાદ સરકારનાં ત્રણેય મદિરોનાં ટ્રસ્ટ બોર્ડનાં અધ્યક્ષ પદેથી અશોક ગજપતિ રાજૂને હટાવી દીધા, જે ત્રણ મંદિરોનાં અધ્યક્ષપદેથી રાજૂને હટાવવામાં આવ્યા છે તે છે શ્રી રામ સ્વામી દેવસ્થાનમ, શ્રી પિડિતલ્ટી અમ્માવરી દેવસ્થાનમ, અને શ્રી મંડેશ્વર સ્વામી મંદિરનો સમાવેશ થાય છે.

## અનેક ગુનામાં ફરાર ઝારખંડનો નક્સલી કોસંબામાંથી ઝડપાયો

સુરત,

ઝારખંડ પોલીસ અને કોસંબા પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. જેમાં સુરતના કોસંબામાંથી વોન્ટેડ નકસલી ગુડ્ડુસિંહ અનિરુદ્ધ સિંહને ઝડપી પાડવામાં આવ્યો છે. આ આરોપી વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૩ના આર્મ્સ એક્ટ સહિતના અન્ય ગુનામાં વોન્ટેડ હતો.આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, ગુડ્ડૂસિંહ અનિરુદ્ધ સિંહ કોસંબાના ફેરડીલ પાર્કમાં આવેલી કુસુમગર કંપનીમાં છેલ્લા ત્રણ વર્ષથી મશીન મેકેનિક તરીકે કામ કરી રહ્યો હતો.

આ અંગેની જાણકારી મળતા ઝારખંડ અને કોસંબા પોલીસે આ નકસલીને દબોચી લીધો છે. ઝડપાયેલો નકસલી ઝારખંડના પલામુ જિલ્લાનો વતની હોવાની માહિતી મળી છે. ઝારખંડ પોલીસે ત્રણ દિવસથી કોસંબા પોલીસ સાથે રહીને સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. જે બાદ આરોપીને ઝડપી પાડ્યો હતો.

આરોપી ગુડ્ડૂસિંહ છેલ્લા ઘણાં સમયથી કોસંબામાં રહેતો હતો અને અહીં ફેડરીલ પાર્કમાં આવેલ કંપનીમાં મશીન મેકેનિક તરીકે કામ કરતો હતો. તેની પાસેથી મળી આવેલા આધાર કાર્ડમાં તેનું નામ સિંહ પરિમલ પ્રતાપ નારાયણ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જે.બી. પરમાર

મુ. પારેખ ફ. રેકડી, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પી. એચ. દેસાઈ

મુ. મોટી ઉભારવાણ, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પી. કે. શેઠ

હાલોલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લામાં રાહતના સમાચાર :

# આજે એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે રાહત સમાચાર. આજે એક પણ કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો નથી. તારીખ ૧ લી ઓક્ટોબર ૨૦૨૦ બાદ એટલે કે લગભગ ૯૪ દિવસ બાદ જીલ્લામાં આજે એક પણ કેસ નોંધાવા પામ્યો નથી.

- જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૫૨ પોઝીટીવ કેસ નોંધાયા.
- આજે ૦૨ દર્દી સ્વસ્થ થતા રજા આપવામાં આવી.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૩-૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૫૨ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં વતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૮૬૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૦૮૮૮૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૮ દર્દી હોમ આઈસોલેશન, ૦૦ દર્દી લુણાવાડા (CCC), ૦૨ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે.કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૪ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓકિસજન પર અને ૦૧ વેન્ટિલેટર પર છે.

# પંચમહાલ જિલ્લામાં વિકાસ કામોની હેલી, ૭૦૫ કરોડના કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરતા મુખ્યમંત્રી




ગોધરા,
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પંચમહાલના નાગરિકોને રૂ. ૭૦૫ કરોડના વિકાસ કામોની ભેટ આપતા જણાવ્યુંછેકે, રાજ્યમાં પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવવા માટે સરકાર દ્વારા પાણી પુરવઠા અને સિંચાઈની વ્યાપક યોજનાઓ બનાવી તેનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં ગેસ વીજળીની જેમ જ એક લાખ કિ. મિ. લાંબી પાણી લાઇનની ગ્રિડનું નેકવર્ક બનાવવામાં આવ્યું છે.

સાજીવાવ ખાતે ખાતમુહૂર્ત કરી શહેરા તાલુકાના મહેલાણા ખાતે યોજાયેલી એક નાની સભાને સંબોધિત કરતા મુખ્યમંત્રીએ ઉક્ત સંદર્ભમાં ઉમેર્યું કે, નર્મદા, કડાણા, ઉકાઈ, મહી, પાનમ આધારિત પાણી પુરવઠા યોજના બનાવી છેવાડાના ઘર સુધી પાણી પહોંચાડવામાં આવ્યું છે. છેલ્લા એક જ પખવાડિયામાં રાજ્યમાં રૂ. ૪ હજાર કરોડની પાણી પુરવઠાની વિવિધ યોજનાઓના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નલ સે જલ યોજનાને સાકાર કરવા માટે રાજ્ય સરકાર પ્રતિ માસ એક લાખ ઘરને નળ જોડાણ આપવાના લક્ષ્યાંક સાથે કામ કરી રહી છે અને અત્યાર સુધીમાં ૮૨ ટકા કામગીરી પૂર્ણ થઇ છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યના તમામ ઘરોમાં નળથી પાણી મળતું થઇ જશે.

પહેલા રાજ્ય સરકારનું કૂલ બજેટ માત્ર રૂ. ૯ હજાર કરોડ હતું. તેમાં કોઈ વિભાગ માટે માત્ર ૭૦૦ કે ૮૦૦ કરોડ રૂપિયા ફાળવાતા હતા. તેની સાપક્ષે આજે એક માત્ર પંચમહાલ જિલ્લાને રૂ. ૭૦૫ કરોડના વિકાસ કામોની ભેટ માત્ર એક જ દિવસમાં મળી છે. આજે રાજ્ય સરકારના બજેટનુંકદ ૨.૧૦ લાખ કરોડ રૂપિયાનું છે.

ભૂતકાળમાં ચૂંટણી ટાણે જ યોજનાના ખાતમુહૂર્તના નાટકો કરવામાં આવતા હતા અને મત મળી જાય પછી એ યોજનાને ભૂલી જવાતી હતી. પણ, અમારી સરકાર જે યોજનાના ખાતમુહૂર્ત કરે છે એના લોકાર્પણ પણ કરે છે. અમે જે કહીએ છીએ તે કરીએ છીએ અને જેટલું થઇ શકે એમ હોય એટલું જ કહીએ છીએ.

ઉક્ત વાતનું ઉદાહરણ આપતા રૂપાણીએ જણાવ્યું કે, નર્મદા ડેમનું ખાતમુહૂર્ત દાયકાઓ પૂર્વે થયું પણ, તે બાદ તે યોજનાને વિસારે પાડી દેવાના પ્રયત્નો થયા. તેમાં અનેક પ્રકારના રોડા નાખવામાં આવ્યા અને હવે નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા બાદ તે યોજના પૂર્ણ થઇ.

રાજ્ય સરકાર સૌનો સાથ અને સૌનો વિકાસ, એ મંત્રને વરેલી છે, એમ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા આદિવાસીઓ, ગરીબો, શ્રમિકો, ખેડૂતો અને મહિલા-બાળકોની વિશેષ દરકાર રાખવામાં આવે છે. ખેડૂતોની વર્ષોની માંગણી હતી કે તેમને પિયત કરવા માટે દિવસે પાણી આપવામાં આવે. રાતે પાક્ને પાણી પાવા માટે વાડીખેતરે જતા ખેડૂતોને જંગલી પશુઓ કે જીવજંતુનો ડર રહેતો હતો. આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે કિસાન સૂર્યોદય યોજના અમલી બનાવી છે. પ્રથમ તબક્કામાં રાજ્યના ૧૦૫૫ ગામોના ખેડૂતોને દિવસે કૃષિલક્ષી વીજળી મળતી થઇ છે. એ બાદ બીજા ચરણમાં અઢી હજાર ગામોના ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવશે. ૨૦૨૨ સુધીમાં રાજ્યના તમામ ગામોના ખેડૂતોને દિવસે વીજળી મળે એવું આયોજન છે. ખેડૂતો સમૃદ્ધ બને તે દિશામાં અમે સતત કાર્યરત છીએ. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ચાર વર્ષમાં ૧૭ હજાર કરોડની જણસોની ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.

મુખ્યમંત્રી દ્વારા પંચમહાલને ભેટ મળેલા કામો જોઇએ તો રૂ. ૧૩૬ કરોડથી વધુના ખર્ચે મોરવા હડફ ખાતે હારેડા જૂથ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કરાયું હતું. આ યોજના કાર્યાન્વિત થવાથી મોરવા હડફ તાલુકાના ૫૧ ગામોના અંદાજે ૨ લાખથી વધુ લોકોને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થશે. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ અંતર્ગત રૂ. ૨૨.૪૩ કરોડના ખર્ચે હાલોલ ખાતે પોલીટેકનિક કોલેજનું બાંધકામ, રૂ. ૧૭.૨૧ કરોડના ખર્ચે મોરવા હડફ ખાતે આર્ટસ એન્ડ સાયન્સ કોલેજનું બાંધકામ, રૂ. ૧૫.૯૦ કરોડના ખર્ચે જાંબુઘોડા ખાતે આર્ટસ એન્ડ સાયન્સ કોલેજનું બાંધકામ અને રૂ. ૮ કરોડના ખર્ચે શિક્ષણ વિભાગ દ્વારા ગોધરા તાલુકામાં ચંચોપા મોડેલ સ્કુલનું લોકાર્પણ તેમણે કર્યું હતું.

જળ સંપત્તિ વિભાગ હેઠળ રૂ. ૩૧૫ કરોડના ખર્ચે તૈયાર થનાર પાનમ જળાશય આધારિત ઉદ્વહનથી તળાવ ભરવાની યોજનાના કામો અને રૂ. ૧૩૮ કરોડના ખર્ચે તૈયાર થનાર પાનમ હાઈલેવલ કેનાલ આધારિત ઉદ્વહનથી તળાવ ભરવાની યોજના કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું.

જ્યારે શિક્ષણ અંતર્ગત રૂ. ૧૨.૬૦ કરોડના ખર્ચે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ, ગોધરા, અંબાલીના નવીન બાંધકામ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ ગોધરા- પંચમહાલ અંતર્ગત રૂ. ૩૫ કરોડના ખર્ચે ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી હાલોલ, પાણી પુરવઠા વિભાગ હેઠળ રૂ. ૬.૬૬ કરોડના ખર્ચે વણાકબોરી ફળિયા કનેક્ટિવિટી જૂથ પાણી પુરવઠા યોજના તેમજ રૂ. ૩.૧૦ કરોડના ખર્ચે અદેપુર ફળિયા કનેક્ટિવિટી જૂથ પાણી પુરવઠા યોજના જ્યારે બાગાયત વિભાગ, ગોધરા- પંચમહાલ હેઠળ રૂ. ૫.૪૩ કરોડના ખર્ચે સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હોર્ટીકલ્ચર એટ ખાંડીવાવ, જાંબુઘોડાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

મહીસાગર જિલ્લામાં મોડી રાત્રે થયેલા એક ગમખ્વાર અકસ્માતમાં લુણાવાડા તાલુકાના મામલતદારનું મોત નીપજ્યું છે. મહિસાગરના લુણાવાડાના મામલતદાર સરકારી ગાડીમાં પેટ્રોલિંગમાં નીકળ્યા હતા. ત્યારે રાજસ્થાન આરટીઓ પાર્સીંગની ટ્રાવેલ્સ સાથે સરકારી ગાડી ધડાકાભેર અથડાતા તેનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતમાં સરકારી ગાડીમાં સવાર ડ્રાઈવરનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે મામલતદારને સારવાર અર્થે લઈ જવાતા સમયે તેમનું મોત થયું હતું. ઘટનાના પગલે પોલીસનો કાફલો રસ્તા પર ઉતરી આવ્યો હતો અને ઘટનાની તપાસ શરૂ કરી હતી.

# ઉત્તરાયણમાં ૫૦ લોકોને એક ધાબા એકઠા થવાની મંજૂરી મળશે નહીં



ગાંધીનગર,
અમદાવાદમાં રામદેવનગર સ્થિત સેવાભાવી સંસ્થા-સદવિચારમાં મોક્ષવાહિની રથનું લોકાર્પણ કરવા આવેલા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કોરોના વેક્સિનેશન અને ઉત્તરાયણની ઉજવણી અંગે મહત્વપૂર્ણ વાતચીત કરી હતી.ઉત્તરાયણની ઉજવણી અંગે નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, કોરોનાને લઈને રાજ્ય સરકારે રાજ્યની ઓળખ સમાન પતંગ મહોત્સવ ન ઉજવવાનું નક્કી કર્યું છે, પણ તેમ છતાં નાગરિકો ઉત્તરાયણ ઉજવી શકે તે માટે જરુરી છૂટછાટ અંગે કોર ગ્રુપની બેઠકમાં ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવાશે. તેમજ પતંગ ચગાવવાને લઈને પણ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવશે. લોકો પોતાના ઘર કે ધાબા પરથી કેવી રીતે પતંગ ઉડાવી શકે અને કેટલા લોકો ભેગા થઈ શકે તેની જાહેરાત કરશે. ધાબાઓ પર કે પોળોમાં ૫૦ લોકો ભેગા થઈ પતંગ ઉડાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

પરિવારના ૫-૭ લોકો જ પોતાના મકાનની અગાસીએ પતંગ ઉડાવે તો વાંધો નહીં આવે. કોરોના સામેની વેક્સિન અંગે રાજ્ય સરકારના આરોગ્યતંત્રના આયોજનની રૂપરેખા આપતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું, કે ગુજરાતમાં ત્રણ તબક્કામાં રસીકરણની પ્રક્રિયા હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં ફ્રન્ટલાઈન વોરિયર્સ- મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ, બીજા તબક્કામાં આશા વર્કર અને પોલીસ જવાનો અને ત્રીજા તબક્કામાં સિનિયર સિટિઝન અને કો-મોર્બિડ(ડાયાબિટિસ,બ્લડપ્રેશર વગેરે)ની સ્થિતિ ધરાવતા દર્દીઓને રસી આપવા માટેનું આયોજન હાથ ધરાયું છે. કોરોના વોરિયર્સને વિના મૂલ્યે રસી અપાશે.

નાયબ મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, નાગરિકોની સલામતી એ ગુજરાત સરકારની પ્રાથમિકતા છે. તેનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, આજ દિન સુધી કોરોના સામેની લડતમાં રાજ્ય સરકારે રુપિયા ૧ હજાર કરોડથી વધુનો ખર્ચ કર્યો છે. ભારત સરકારે વેક્સિનેશન માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે અને તમામ ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી રાજ્ય સરકાર રસીકરણનો આરંભ કરશે. નાયબ મુખ્યમંત્રીએ સદવિચાર પરિવારના સેવા-વારસાને ઉલ્લેખ કરતાં કહ્યું કે, આ સંસ્થામાં હરિભાઈ પંચાલ અને ડોંગરેજી મહારાજ જેવા સમાજસેવકોનું અમૂલ્ય યોગદાન રહેલું છે. તેમણે સદવિચાર પરિવાર દ્વારા હાથ ધરાઈ રહેલી સેવાકીય પ્રવૃત્તિના સંસ્મરણો પણ વાગોળ્યા હતા.

## બાકરોલ GIDCમાં સ્ટેટ મોનીટરીંગના દરોડા, ૭૦ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપ્યો

બાકરોલ,
નવા વર્ષના બીજા દિવસે સ્ટેટ મોનીટરીંગ સેલે બાકરોલ જીઆઈડીસીમાં દરોડા પાડી દારૂનો જથ્થો ઝડપી ૯ આરોપીઓની ધરપકડ કરી છે. બાકરોલ જીઆઈડીસીમાં શિવભુમિ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ-૨માં આવેલા એક ગોડાઉનમાં દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ. જે દરમ્યાન ૧ હજારથી વધુ બોક્સ અને ૧૪ હજારથી વધુ વિદેશી દારૂની બોટલ ઝડપી પાડી હતી. જે સમયે ટ્રકમાંથી દારૂનો જથ્થો ઉતારવામાં આવતો હતો તે સમયે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને તમામને રંગેહાથ ઝડપી પાડ્યા.

# દિલ્હી-NCRમાં વરસાદથી ઠંડીમાં વધારો: ઉત્તર ભારતના પહાડી રાજ્યોમાં બરફવર્ષા



ન્યુ દિલ્હી,
ઉત્તર ભારતમાં સતત શીત લહેર વચ્ચે દેશના મોટાભાગના વિસ્તારોમાં હળવા વરસાદ અને હિમવર્ષા નોંધવામાં આવી છે. પાટનગર દિલ્હી (દિલ્હી વરસાદ) માં પણ વહેલી સવારે (રવિવારે) વરસાદ થયો હતો, જેના કારણે ઠંડી વધી ગઈ હતી. દિલ્હીના ઘણા ભાગોમાં શનિવારે સવારે હળવા વરસાદ થયો હતો જ્યારે વાદળછાયું હોવાના કારણે લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી નોંધાયું હતું. તે જ સમયે, હિમાચલ પ્રદેશના કેલોંગમાં તાપમાન શૂન્યથી ૭.૩ ડિગ્રી સેલ્સિયસ હતું. ભારત હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા આ માહિતી આપવામાં આવી છે.


રાજધાની દિલ્હીના સફદરજંગમાં "મધ્યમ" સ્તરના ધુમ્મસને કારણે દૃશ્યતા ૨૦૧ મીટર નીચે આવી ગઈ છે. આઈએમડીના એક અધિકારીએ કહ્યું, અમારી આગાહી મુજબ પશ્ચિમ વિક્ષેપની અસર દિલ્હી સહિત ઉત્તર પશ્ચિમ ભારતમાં શરૂ થઈ છે. પાલમમાં ૦.૪ મીમી વરસાદ નોંધાયો છે. રિજ, આયાનગર અને લોધી રોડમાં ઝરમર વરસાદ પડ્યો છે. "પશ્ચિમી ખલેલની અસરને કારણે, આગામી બે-ત્રણ દિવસમાં દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના છે.

દરમિયાન હવામાન વિભાગે મંગળવારે હિમાચલ પ્રદેશમાં ભારે બરફવર્ષા માટે હવામાનનો 'યલો એલર્ટ' જારી કર્યો છે. સિમલાના હવામાન કેન્દ્રમાં રાજયના મેદાનોમાં ૩ થી ૫ જાન્યુઆરી અને ૮ મી જાન્યુઆરી દરમિયાન વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે મધ્યમ અને ઊંચા પર્વત વિસ્તારોમાં વરસાદ અને બરફવર્ષા. સાથે જ હવામાન વિભાગે પાંચ જાન્યુઆરી માટે મધ્યમ અને ઊંચા પર્વતીય વિસ્તારોમાં ભારે બરફવર્ષાને લઈને યલો એલર્ટ આપ્યું છે, જ્યારે મેથી અને ૩ થી ૫ જાન્યુઆરી વચ્ચે મેદાની અને નીચલા પર્વત વિસ્તારોમાં વાવાઝોડા અને વીજળી પડવાની ચેતવણી આપી છે.

નોંધનીય છે કે હવામાનની તીવ્રતા અનુસાર, રંગો દ્વારા ચેતવણી આપવામાં આવે છે, જેમાં 'પીળો' ઓછામાં ઓછું જોખમી વર્ગમાં આવે છે. સિમલાના હવામાન વિભાગના નિયામક મનમોહનસિંહે જણાવ્યું હતું કે રાજ્યના ઉચ્ચ વિસ્તારના કેટલાક ભાગોમાં હળવા બરફવર્ષાની નોંધ નોંધાઈ છે, જ્યારે કેટલાક ભાગોમાં હળવા વરસાદ પણ થયો છે. તેમણે કહ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં છથી સાત ડિગ્રી સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. સિંહે જણાવ્યું હતું કે મનાલી, કુફરી અને ડાલહૌસીમાં મહત્તમ તાપમાન અનુક્રમે ૧.૪, ૨.૬ અને ૪.૧ ડિગ્રી નોંધાયું હતું.

બીજી તરફ, ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારો છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારે ઠંડી અને ઠંડીની લપેટમાં છે. ઝોનલ હવામાન સેન્ટરના અહેવાલ મુજબ, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ભારે શીત લહેર જોવા મળી હતી અને ઘણા વિસ્તારો ગાઢ ધુમ્મસના પ્રભાવ હેઠળ રહ્યા હતા. રાજ્યની રાજધાની લખનૌમાં લઘુત્તમ તાપમાન ૬.૮ ડિગ્રી અને અલ્હાબાદમાં લઘુત્તમ તાપમાન ૯.૦ ડિગ્રી નોંધાયું હતું. આ સિવાય સુલતાનપુરમાં ૫.૨, બંદામાં ૫.૦, બારાબંકીમાં ૪.૦ અને મુઝફ્ફરનગરમાં ૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# પંજાબના ખેડૂતોએ નિતિન પટેલને મોકલી લીગલ નોટિસ, માફીની કરી માંગ



ગાંધીનગર,
કેન્દ્ર સરકારના ત્રણ નવા કૃષિ કાયદાને લઈ ખેડૂતો ૩૮ દિવસથી દિલ્હીની બોર્ડર પર પ્રદર્શન કરી રહ્યા છે. પ્રદર્શન કરતા ખેડૂતો વિશે મોદી સરકારના મંત્રીઓ દ્વારા અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી જેને લઈને હવે ખેડૂતોએ ત્રણ નેતાઓને લીગલ નોટિસ મોકલવામાં આવી છે. નોટિસમાં નેતાઓને માફી માંગવાનો દાવો કરવામાં આવ્યો છે અને જો માફી માંગવામાં નહી આવે તો માનહાનિનો કેસ દાખલ કરવામાં આવશે. ખેડૂતોએ ભાજપના નેતાઓને તેમની અપમાનજનક ટિપ્પણીઓ માટે લીગલ નોટિસ મોકલવામાં આવી છે. જેમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ અને ભાજપના પૂર્વ રાષ્ટ્રીય મહાસચિવ રામ માધવનું નામ સામેલ છે. આમ આદમી પાર્ટી ખેડૂતોને કાયદાકીય સહાયતા અને સલાહ ઉપલબ્ધ કરાવી રહી છે. આ જાણકારી આપના રાષ્ટ્રીય પ્રવક્તા અને પંજાબના સહ-પ્રભારી રાઘવ ચઢાએ પત્રકાર પરિષદ કરીને આપી હતી.

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે ૧૭ ડિસેમ્બરે કહ્યુ હતું કે, "ખેડૂતોના નામ પર આ આંદોલનમાં દેશ-વિરોધી, આતંકવાદી, ખાલિસ્તાની, કોમ્યુનિસ્ટ અને ચીન સમર્થક લોકો સામેલ થઇ ગયા છે. અમે જોઇ શકીએ છીએ કે ત્યા પિત્ઝા અને પકોડા ખાવામાં આવી રહ્યા છે અને આ બધુ ત્યા મફત મળી રહ્યુ છે. દેશ વિરોધી તાકાતો તેમણે પ્રદર્શન કરવા માટે લાખો રૂપિયા આપી રહી છે. નિતિન પટેલના આ નિવેદનથી નારાજ થયેલા જાલંધરના ખેડૂત રમણીક સિંહ રંધાવાએ તેમણે લીગલ નોટિસ મોકલી શરત વગર ખેડૂતોની માફી માંગવા અને ખેડૂતો વિરૂદ્ધ બોલેલા અપમાનજનક શબ્દો પરત લેવાની માંગ કરી છે.

રમણીક સિંહ રંધાવા, પંજાબના જાલંધરના ખેડૂત છે અને પોતાના પિતા સાથે આશરે ૨૨ એકર જમીન પર ખેતી કરે છે. રમણીક સિંહ કડકડતી ઠંડમાં ૨૭ નવેમ્બરથી સિંધુ બોર્ડર પર પોતાના હકની લડાઈ લડી રહ્યા છે. ભાજપના ફાયર બ્રાંડ નેતા અને કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહને ૧૨ ડિસેમ્બરે ખેડૂત આંદોલન પર કરેલી ટિપ્પણી માટે લીગલ નોટિસ મોકલવામાં આવી છે. ગિરિરાજ સિંહે કહ્યુ હતું, "ખેડૂત આંદોલનને ભટકાવવાનું કામ કરવામાં આવી રહ્યુ છે. આંદોલનમાં ખેડૂતોના હિતની વાત નથી થઇ રહી. ખેડૂત આંદોલનમાં વિદેશી તાકાતો ઘુસી રહી છે. ખાલિસ્તાન અને શરજીલ ઈમામના પોસ્ટર લગાવવામાં આવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૪-૦૧-૨૦૨૧, સોમવાર, માગશર વદ-૬, સૂર્યોદય-૭-૨૮, સૂર્યાસ્ત-૬-૧૪, જૈન નવકારશી-૮-૧૬, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ પૂર્વાફાલ્ગુની

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૦થી ૨૩-૨૪ અભિજીત, ૭-૨૯થી અમૃત-૮-૪૯ સુધી, ૧૦-૧૦થી શુભ ૧૧-૩૧ સુધી, ૧૪-૧૩ થી ચલ-લાભ-અમૃત-ચલ-૧૯-૫૪<br><br>- શુભ હોરા-<br>૭-૨૯થી ૮-૨૩ સુધી, ૯-૧૬થી ૧૦-૧૦ સુધી, ૧૧-૫૮થી ૧૪-૪૦ સુધી, ૧૫-૩૯થી ૧૬-૨૮ સુધી |

## દૈનિક રાશીફળ

**તા.૦૪.૦૧.૨૦૨૧ સોમવાર**

મેષ(અ.લ.ઈ.) :- પરોપકારની ભાવના પ્રબળ બનવાની ધાર્મિક કાર્યમાં સફળતા નોકરીમાં બદલીની શકયતા રહે.
વૃષભ(બ.વ.ઉ.) :- ઈન્વેસ્ટમેનના પ્રશ્નોમાં સફળતા મલે કોર્ટ કેસના પ્રશ્નોમાં સમાધાનથી લાભ. આત્મવિશ્વાસ વધવાનો.
મિથુન(ક.છ.ઘ.) :- કારકિર્દી યશસ્વી બનવાની નોકરીમાં કાર્યભાર રહે. મહેનતનું ફળ મલે. વિદેશના પ્રવાસની ઈચ્છા ફળવાની.
કર્ક(ડ.હ.) :- તમારી અંગત જિંદગીની સમસ્યાની ચર્ચા પારકા સાથે કરવાથી જાળવજો. આત્મવિશ્વાસ વધારો. સફળતા મલશે.
સિંહ(મ.ટ.) :- માન-સન્માન મેળવવા વધુ મહેનત કરવી પડશે. નવી ઓળખાણ બાબત તકેદારી રાખો. સમયનો વ્યય ન કરો.
કન્યા(પ.ઠ.ણ.) :- મિત્રોનો સહકાર રહે. નોકરીમાં મનગમતી જગ્યા મલે. સંતાનોની પ્રગતિ માટે સારો દિવસ રહેશે.
તુલા(ર.ત.) :- અચાનક મનગમતી વ્યકિતની મુલાકાત થવાની નોકરીમાં ચીવટ રાખવી રાજકીય લાભ મલવાનો.
વૃશ્ચિક(ન.ય.) :- સરકારી કાર્યોમાં અનુકુળતા રહે. લાગણીઓને કાબુમાં રાખજો શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- સ્વાસ્થયમાં સુધારો થાય દિવસ ઉત્સાહજનક રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.
મકર(ખ.જ.) :- નોંધપાત્ર સફળતા મલવાની. રહેણાકના મકાનમાં લકઝરી ફેરફાર થવાના.
કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારી ધંધાની ઈચ્છા ફળે. પરીવારના વડીલોનું માર્ગદર્શન લેજો. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.
મીન(દ.ચ.ઝ.) :- લાંબા અંતરનો પ્રવાસ થાય, સંતાનો સાથે મહત્વની ચર્ચા થાય. શેર સટ્ટામાં અનુકુળતા.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દે.બારીઆના સાગટાળા ગામે ત્રણ કારોમાં લઈ જવાતો ૨.૩૪ લાખનો દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો

દે.બારીઆ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા ગામે બામરોલી સીમાડા રોડ પાસે ત્રણ વૈભવી ફોર વ્હીલર ગાડીઓમાં ૧૦ જેટલા ઈસમો એકબીજાના મેળાપીપળામાં વિદેશી દારૂનો જથ્થો આ ત્રણ વાહનોમાં ભરી હેરાફેરી કરવાના ઈરાદે તથા આ વિદેશી દારૂની કટીંગ કરતાં હોવાનો પોલીસે બાતમી મળતાંની સાથે જ સાગટાળા પોલીસનો કાફલો આ સ્થળ પર પહોંચી જતાં બુટલેગરોમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા અને આ દરમ્યાન એકને પોલીસે ઝડપી પાડયા બાદ ત્રણેય વાહનોમાંથી કુલ રૂા.૨,૩૪,૬૦૦નો વિદેશી દારૂના જંગી જથ્થા સાથે ત્રણેય વાહનો કબજે લઈ ફરાર બીજા વ્યકિતઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

૩૧ ડિસેમ્બરને ગયાને કલાકોનો સમય વિત્યો નથી ત્યારે બે દિવસની અંદરજ બુટલેગરો દાહોદ જિલ્લામાંથી વિદેશી દારૂનો જથ્થો ઘુસાડી હેરાફેરી કરવાના મુડમાં આવી ગયા હતા. ત્યારે દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા ગામે બામરોલી સીમાડા રોડ પાસે એક સફેદ કલરની મહેન્દ્ર સવારી ફોર વ્હીલર ગાડી, સીલ્વર કલરની બોલેરો ગાડી અને એક સફેદ કલરની ઈક્કો ગાડી મળી આ ત્રણેય ગાડીઓમાં જંગી માત્રામાં વિદેશી દારૂ મંગાવી કટીંગ કરવાના તેમજ હેરાફેરી કરવાના ઈરાદે આ ગાડીઓમાં લદોલદ વિદેશી દારૂ ભરેલ હોવાની બાતમી સાગટાળા પોલીસને ગતરોજ મળતાંની સાથે જ પોલીસ કાફલો આ સ્થળે જવા રવાના થઈ ગયો હતો જેવી પોલીસની ગાડીઓ જોતાની સાથે જ સ્થળ પર હાજર બુટલેગરોમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતાં અને પોલીસે એકશન લેતાં ઈશ્વરભાઈ ભારૂભાઈ પટેલ (રહે. અંતેલા, માળુ ફળિયું, તા.દેવગઢ બારીઆ,જિ.દાહોદ) નાને સ્થળ પરથી ઝડપી પાડ્યો હતો. પોલીસે ગાડીઓમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૩૨૭૦ જેની કુલ કિંમત રૂા.૨,૩૪,૬૦૦ના જંગી પ્રોહી જથ્થા સાથે ત્રણેય વાહનો કબજે કર્યા હતા. આ સાથે કલસીંગભાઈ સુરસીંગભાઈ બારીયા (રહે.માંડવ,તા.દેવગઢ બારીઆ), જગદીશ ભુપત પટેલ (રહે. અંતેલા), કલસીંગનો માણસ, પ્રવિણ રણજીતસિંહ બારીયા (રહે. ખાનપાટલા, ઘોઘંબા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ), મંજુલા નાયક (રહે. મેન્દ્રા, તા.દેવગઢ બારીઆ), કિશનભાઈ બારીયા (રહે.ફુલપરા, તા.દેવગઢ બારીઆ), મંજુલા પ્રવિણ પટેલ (રહે. ડાંગરીયા, તા.દેવગઢ બારીઆ), લખાભાઈ પટેલ (રહે.રૂપાબારી, તા.દેવગઢ બારીઆ) અને નાનજીભાઈ પટેલ (રહે.મુવાડા, વાવડી ફળિયું, તા.દેવગઢ બારીઆ) ના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે અને તમામ વિરૂધ્ધ સાગટાળા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆ માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ગરનાળાનું સમારકામ કાર્ય હાથ ધરાશે કે નહિ ???


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાંથી પસાર થતો માર્ગ જે પાવાગઢ યાત્રાધામ માટે જતા શ્રદ્ધાળુઓ માટે શોટકટનો રસ્તો હોવાથી આ રસ્તાનો ઉપયોગ પગપાળા જતા યાત્રાળુઓ કરે છે. આ માર્ગ ઉપર બે ગરનાળાનો સેફટી દિવાલો તુટેલી છે. પહેલી ગરનાળાની દિવાલ અવંતિ પાસે હનુમાન મંદિર તરફ જતા મેન રોડના ગરનાળાની સેફટી દિવાલ તૂટી જવા પામી છે. બીજા ગરનાળાની દિવાલ ભે દરવાજા વિસ્તારમાં મેન ગરનાળું છે. તે અતિ ગંભીર વળાંક વાળો હોવાથી તે ગરનાળું છે અને તેની સેફટી દિવાલ તુટેલી છે. એક વર્ષ થવા આવ્યો છે. તેમ છતાં તાલુકાનું માર્ગ અને મકાન વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં છે અને ભે દરવાજા વિસ્તારના ગરનાળાની તુટેલી સેફટી દિવાલનું સમારકાર્ય કેમ હાથ ધરવામાં આવતું નથી શું ગ્રાંટ નથી ? સમારકાર્ય કરવા માટે કારીગરો મળતા નથી શું ? સમારકાર્ય કરતા કોન્ટ્રાકટરો પાસેથી ટકાવારી ની ગેરન્ટી મળતી નથી એકથી દોઢ વર્ષ વિતવા આવ્યો તેમ છતાં આ બન્ને કાર્ય કરવા માટે ક્યારે મૂર્હત નીકળશે તે તો આવનારો સમય બતાવશે કોઈ શ્રધ્ધાળુ યાત્રી આ ગરનાળામાં ખાબકશે તેની રાહ જોવાઈ રહી છે કે પછી પાણી પહેલા પાળ બાંધવી સારી ?

# દાહોદના રેટીયા ગામની સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ

દાહોદ,

દાહોદ તાલુકાના રેટીયા ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી પત્નિ તરીકે એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

દાહોદ તાલુકાના ડોકી ગામે પટેલ ફળિયામાં રહેતો રાકેશભાઈ શકરાભાઈ ભાભોરે ગત તા.૧૫મી ડિસેમ્બરના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પટાવી ફોસલાવી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆ નગર પાલિકા વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ : અંધેર વહિવટ ક્યાં સુધી

દે.બારીઆ,

દે.બારીઆ નગર પાલિકાના વિસ્તારમાં અને સ્ટ્રીટ લાઈટો બંધ છે. જે વાકે નવા ઠાકોરવાડાના પાછળનો વિસ્તાર તેમજ સુથારવાડામાં જતા સોનીના દવાખાના પાસે વિકટરી સર્કલનો મેન હાઈવે તરફ જતો વિસ્તાર તેમજ અઢી વર્ષ પહેલા નવી બોડી બની હતી. તે સમયે ટાવર શેરીમાં સ્ટેન્ડ લાઈટો ફીટ કરી સુંદર રમણીય ઝગમગી ઉઠતું દ્રશ્ય હતું તે સ્ટેન્ડ લાઈટો અમુક બંધ હાલતમાં છે. તેમજ કન્યાશાળા વિસ્તારમાં સૂર્ય ઉર્જાની સ્ટ્રીટ લાઈટો છે. તે પણ બંધ અને ખોટપાયલી છે. ત્યાં પણ અંધારરૂ છે. નગર પાલિકા દર માસે ૧૦,૦૦૦/-રૂપીયાના બીલો બને છે. આવા અનેક બીલો બને છે. પરંતુ જે બીલોની ટકાવારી ચેક બનાવનાર અને ચેક પાસ કરનારને મળે તો તેના બીલો પાસ કરવામાં આવે છે. નહીં તો આવા અનેક બીલો ખોવાઈ જાય છે. વેપારીનો બે થી ત્રણ ચારવાર બીલો આપે છે. તે પણ બીલ કેમ ખોવાઈ છે. તે તપાસનો વિષય છે. આ અંગે વિભાગીય વડોદરા ઝોનના નગર પાલિકા કમિશ્નરશ્રી સ્થળ મુલાકાત લેશે ખરાં કે પછી તે પણ આંખ આડા કાન કરતા રહેશે.

# ગોધરાના ભલાણીયા ગામે સ્થાનિકોનું આસ્થા અને શ્રદ્ધા નું પ્રતીક સમુ શ્રી વાઘેશ્વરી માતાજી નું મંદિર

ગોધરા,

ગોધરા તાલુકાના ભલાણીયા ભાટપુરા પાસે આવેલા વાઘેશ્વરી માતાજી નું મંદિર આજુબાજુના લોકોનું તેમજ સ્થાનિકો નું આસ્થા અને શ્રદ્ધાનું પ્રતીક થવા પામ્યું છે.આ મંદિર માં બિરાજમાન વાઘેશ્વરી માતાજી, મહાદેવજી અને બંજરંગ બલીની પ્રતિમાઓના દર્શન માત્ર થી જ તન મનને આહલાદક નિરાંત અને શાંતિ આપે છે. અહીંયા દરરોજ ભાવિક ભક્તો દર્શનાર્થે આવતા નજરે પડે છે.અહીં નું વાતાવરણ,કુદરતી સૌંદર્ય અને નયન રમ્ય દ્રશ્યો માણસ માત્ર ને પ્રફુલિત કરે છે.દરેક ની મનોકામના પરિપૂર્ણ કરતું શ્રી વાઘેશ્વરી માતાજી ના મંદિર નો હજી પણ વધારે વિકાસ થાય અને સ્થાનિક પ્રશાસન દ્વારા અંગત રસ લઈ આ સ્થળ નો વિકાસ કરવામાં આવે તેવું સ્થાનિકો ઈચ્છિ રહ્યા છે.ત્યારે આ મંદિર ખાતે કૌશિકભાઈ મહારાજ અને મણીબા ના સત્કાર્યો અને સત્સંગ તેમજ પૂજન અર્ચન થકી શ્રધ્ધાળુ ઓ ની આસ્થા માં વધારો જોવા મળી રહયો છે.ત્યારે હાલમાં વાઘેશ્વરી માતાજી ના મંદિર નું નવસર્જન નું કાર્ય દાતાઓ અને કાર્યકરો ના સહયોગ થી પ્રગતિ માં છે.ત્યારે આ મંદિર ના વિકાસ અર્થે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તેમજ લોકો દ્વારા ઈચ્છાશક્તિ મુજબ શક્ય તેટલી મદદ કરવા વિનંતી કરવામાં આવે છે.આ મંદિર ખાતે તહેવારો દરમિયાન અને દરરોજ દર્શનાર્થે આવતા ભાવિક ભક્તો તેમજ સાધુ સંતો ની ભીડ વધારે જોવા મળે છે.તેમજ તમામ ને પ્રસાદ નો લાભ પણ આપવામાં આવે છે.

# પૂંઠાની આડમાં દારૂની હેરાફેરી કરતો આઈસર ટેમ્પો ઝડપાયો, એકની ધરપકડ

વડોદરા,

વડોદરા એલસીબી પોલસે કરજણ ભરથાણા ટોલ નાકા પરથી પૂંઠાની આડમાં લઈ જવાતો ૧૦.૦૬ લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ ભરેલો આઈશર ટેમ્પો ઝડપી પાડ્યો હતો. પોલીસે ટેમ્પો ચાલકની ધરપકડ કરીને રૂપિયા ૧૭ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. વડોદરા જિલ્લા પોલીસની એલસીબીની ટીમને બાતમી મળી હતી કે, સુરત તરફથી સુરત પાસિંગના એક આઈશર ટ્રકમાં વિદેશી દારૂનો જંગી જથ્થો વડોદરા શહેરમાં ઘુસાડવામાં આવવાર છે. આ બાતમીના પગલે એલસીબીની ટીમે કરજણ-ભરથાણા ટોલનાકા પર વોચ ગોઠવી હતી અને શનિવારે મોડી સાંજે ઉક્ત બાતમી મુજબનો ટ્રક ત્યાંથી પસાર થતાં પોલીસે ટ્રકને આંતર્યો હતો.

પોલીસે ટ્રકની પૂંઠા હટાવીને તપાસ કરતા ટ્રકમાં અન્ય સામાનની નીચેથી ૧૦,૦૬,૮૦૦ રૂપિયાની કિંમતની ૨૨૮ નંગ દારૂની પેટીઓ, ૩,૧૫૬ નંગ કાચની બીયરની બોટલો મળી આવી હતી. પોલીસે લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જંગી જથ્થો આઈસર ટેમ્પો મળીને કુલ રૂપિયા ૧૭,૧૨,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ટ્રકચાલક વિજેશકુમાર અમરાજી પુરોહિત (રહે, કુડાદવેસા, તા.બાઘોડા, જિ.ઝાલોર, રાજેસ્થાન)ની ધરપકડ કરી હતી. દારૂનો જથ્થો ભરી આપનાર રામાલાલ ભીખારામ બીશ્નોઈ (રહે, ધોરીમાના રાજેસ્થાન અને સુરેશ બીશ્નોઈ) જેના નામ સરનામાની ખબરના હોવાથી બંન્નેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

# ગોધરાના ચિખોદ્રા રહેમતનગરમાં છોકરીઓની છેડતી બાબતે મારામારી થતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેરમાં ચિખોદ્રા રહેમત નગર પાસે બેઠેલ ચાર ઈસમોને અહીં કેમ બેસો છો અહીં છોકરીઓની છેડતી થાય છે. તેમ કહેતા ચારે ઈસમો ઉશ્કેરાઈ મહિલા અને ફરિયાદી સાથે મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર ચિખોદ્રા રહેમતનગર પાસેથી હુસેન અબ્દુલ રહીમ ઘંટ્યા અને મહિલા દ્વારા ચાર ઈસમોને અહીં કેમ બેસો છો તેમ કહ્યું હતું. અહીં છોકરીઓની છેડતી થાય છે તેમ કહેતા આરોપી ઈસમો અસ્ફાક ઉર્ફે કાળીયો અબ્દુલ્લા ઝભા, ફિરદોશ ઉર્ફે ભોભા શબ્બીર મીઠા, અસ્ફાક ઈરફાન મફત, મહેરા ખાતુન મફત એ ઝગડો કર્યો હતો અને હુસેન અબ્દુલ રહીમ ઘંટ્યાને છરી મારી ઈજાઓ કરી તેમજ શહેનાજ ને ગાળો આપી મારી નાખવાની ધમકી આપતાં ચાર ઈસમો વિરૂદ્ધ એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

# દાહોદ જીલ્લામાં ૯ ગુનાના વોન્ટેડ આરોપીને પોલીસે ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં એલ.સી.બી. અને પેરોલ ફ્લો સ્કોર્ડ દ્વારા કોમ્બીંગ નાઈટ દરમ્યાન દાહોદ જિલ્લામાંથી જિલ્લા બહારના ધાડ તેમજ મર્ડર સહિત કુલ ૦૯ ગુનામાં છેલ્લા આઠ વર્ષથી નાસતો ફરતો ખુંખાર આરોપીને ઝડપી પાડી પુછપરછ કરતાં તેને જિલ્લા બહાર અને જિલ્લામાં લુંટ, ધાડ તેમજ ઘરફડો ચોરીના કુલ ૦૭ ગુનાનો ભેદ કબુલ કરતાં અનડિટેક્ટ ગુનો ડિટેક્ટ કરવામાં પોલીસને સફળતા મળી હતી.

એલ.સી.બી. પોલીસ અને પેરોલ ફ્લો સ્કોર્ડની ટીમો દ્વારા ગતરોજ દાહોદ જિલ્લામાં કોમ્બીંગ હાથ ધર્યું હતું. ધાનપુર પોલિસ વિસ્તારમાં કોમ્બીંગમાં હતા તે સમયે બાતમી મળતાં લુંટ, ધાડ તેમજ મર્ડરના કુલ ૦૯ ગુનાઓમાં છેલ્લા આઠ વર્ષથી નાસતો ફરતો ખુંખાર આરોપી સુભાષભાઈ પુનાભાઈ ઉર્ફે પુનીયા ભુરીયા (રહે. વાસીયાડું ગરી, કોટવાળ ફળિયું,તા.ધાનપુર,જિ.દાહોદ)ને તેના ઘરેથી ઝડપી પાડી પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો અને તેની સઘન પુરછપરછ કરતાં તેણે કબુલ્યું હતું કે, દાહોદ,પંચમહાલ, વડોદરા ગ્રામ્ય વિગેરે જેવા જિલ્લામાં તેણે લુંટસ ધાડ તેમજ ચોરીના ગુન્હાઓને અંજામ આપ્યો હતો. પકડાયેલ આ આરોપી સાથે કુલ ૧૩ સાગરીતો સામેલ હતા જેઓ ભુતકાળમાં લુંટ,ધાડ તેમજ ઘરફોડ ચોરી તેમજ મર્ડર જેવા ગંભીર પ્રકારના ગુનાઓમાં જિલ્લામાં તેમજ આંતર જિલ્લાના ગુનાઓમાં પકડાઈ ચુકેલ છે જેઓ જામીન ઉપર મુક્ત થયા બાદ ફરીથી એકત્રિત થઈ આ ગુન્હાઓને અંજામ આપતાં હતાં. આ ગુન્હાઓમાં સામેલ આના અમુક સાગરીતો હાલ જેલમાં છે તે પણ જાણવા મળ્યું છે. આ પકડાયેલ આરોપી સુભાષે સને ૨૦૧૬ની સાલમાં ગાંધીનગર સેક્ટર - ૦૭માં તેના સાગરીતો સાથે એક ઘરમાં લુંટ કરવાના ઈરાદે ઘુસી જઈ એકલા રહેતા વૃધ્ધ દંપતિને બાનમાં લેતા દંપતિ સામનો કરવા જતાં તેનું મોઢું દબાવી મોતને ઘાટ પણ ઉતાર્યાનું જણાવ્યું હતું.

પકડાયેલ આ આરોપીના સાગરીતો દિવસ દરમ્યાન મજુરી કામના બહાને સ્થળ જગ્યાની રેકી કરી રાત્રીના સમયે ચોક્કસ જગ્યાએ બેગા મળી લાકડી જેવા મારક હથિયારોથી સજ્જ થઈ રેકી કરતાં હતા અને લુંટ,ધાડ,ચોરી જેવા ઘરફોડ ચોરીઓને અંજામ આપતાં હતા.

# ફતેપુરાના હડમત ગામે બે બાઈક વચ્ચે અકસ્માત : બે વ્યકિતનામોત



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના હડમત ગામે બે મોટરસાઈકલો સામસામે ધડાકાભેર અથડાતાં સર્જાયેલ આ ગમખ્વાર માર્ગ અકસ્માતમાં બે જણાના ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યા મોત નીપજતાં પરિવારજમાં માતમ છવાઈ ગયો હતો. પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

ફતેપુરા તાલુકાના લખણપુર ગામે નવીવસાહત ફળિયામાં રહેતાં કમલેશભાઈ તથા તેની સાથે દિપકભાઈ એમ બંન્ને જણા ગત તા.૦૨મી જાન્યુઆરીના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ હડમત ગામેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન સામેથી એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આ કમલેશભાઈનાઓની મોટરસાઈકલ સાથે ધડાકાભેર અથડાવતાં બંન્ને મોટરસાઈકલો પર સવાર તમામ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા અને જેને પગલે કમલેશભાઈ અને દિપકભાઈને શરીરે તેમજ માથાનાં ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે સામેની મોટરસાઈકલ પર સવાર બીજા વ્યકિતઓને પણ ઈજાઓ થતાં તમામ ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

આ સંબંધે લખણપુર ગામે નવીવસાહત ફળિયામાં રહેતા અરવિંદભાઈ ભાથુભાઈ ચારેલ દ્વારા આ સંબંધે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ દેલસર ગામેથી ૨૫ હજારનો દારૂ ઝડપાયો

દાહોદ,

દાહોદ તાલુકાના દેલસર ગામે પોલીસને મળેલ બાતમીના આધારે એક રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરતાં પ્રોહી રેડ દરમ્યાનએક મહિલાને રૂા.૨૫,૫૪૦ના પ્રોહી જથ્થા સાથે પોલીસે ઝડપી પાડ્યાનું જાણવા મળે છે.

દેલસર ગામે પણદા ફળિયામાં રહેતી સીમાબેન રાજેશભાઈ ઉર્ફે ઘોડો સિસોદીયા પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો ધંધો કરતી હોવાની બાતમી દાહોદ તાલુકા પોલીસને મળતાં ગતરોજ પોલીસે તેના મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી હતી અને સીમાબેનની અટક કરી મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૧૨૦ કિંમત રૂા.૨૫,૫૪૦ ના પ્રોહી જથ્થા સાથે સીમાબેન સિસોદીયા વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના પરપટા ગામે બોલેરો ગાડી પલ્ટી જતાં કંડકટરનું મોત

લીમખેડા,

લીમખેડા તાલુકાના પરપટા ગામે એક મહિન્દ્રા બ્લેઝો ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ગાડીને પલ્ટી ખવડાવી દેતાં અંદર સવાર કંડક્ટર ગાડીમાંથી ફંગોળાતા તેને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યાનું જાણવા મળે છે.

મધ્યપ્રદેશના રતલામ જિલ્લામાં બાજવા તાલુકામાં રાહતકુવા ગામે રહેતો કૈલાશભાઈ વેસ્તાજી કટારા અને તેની સાથે કંડકટર ૧૯ વર્ષીય મુન્નાભાઈ દોલુભાઈ ભાભોર એમ બંન્ને જણા ગત તા.૦૧મી જાન્યુઆરીના રોત કૈલાશભાઈ પોતાના કબજાની મહિન્દ્રા બ્લેઝો ગાડી લઈ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લીમખેડા તાલુકાના પરપટા ગામેથી હંકારી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ડ્રાઈવર કૈલાશભાઈ દ્વારા વધુ પડતી ગાડીની ઝડપને કારણે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતાં ગાડીને પલ્ટી ખવડાવી દીધી હતી અને જોતજોતામાં ગાડીમાં સવાર કંડક્ટર ૧૯ વર્ષીય મુન્નાભાઈ ગાડીમાંથી ફંગોળાતાં જમીન પર પટકાયો હતો અને જેને પગલે મુન્નાભાઈને શરીરે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું ઘટના સ્થળ પરજ મોત નીપજ્યું હતું.

આ સંબંધે સુરત જિલ્લામાં ચોર્યાસી તાલુકામાં રહેતા અજયભાઈ તુલસીભાઈ હરિયાણી દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆ તાલુકાની યુવતિ સાથે દુષ્કર્મની ઘટનામાં ગર્ભ રહી જતાં યુવક સામે ફરિયાદ

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના ઉચવાણ ગામે આજથી છ - સાત માસ અગાઉ દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૮ વર્ષીય યુવતી સાથે બળજબરી પુર્વક તેમજ તેની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યા બાદ આ યુવતીને જે તે સમયે ગર્ભ રહી ગયો હતો અને સાતેક માસનો સમય વિતી ગયા બાદ સુવાવડ થઈ જતાં આ સંબંધે યુવતી દ્વારા આ યુવક વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૮ વર્ષીય યુવતીએ દેવગઢ બારીઆ પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આશરે છ થી સાતેક માસ અગાઉ દેવગઢ બારીઆ તાલુકાના ઉચવાણ ગામે ખેડા ફળિયામાં રહેતો વિજયભાઈ રમેશભાઈ વાઘરીએ આ યુવતીને પાનમ નદીના ઘેડમાં આવેલ ઝાડીઓમાં લઈ જઈ કહેલ કે, મારે તારી જોડે શરીર સંબંધ બાંધવો છે, નહીં તો તને જાનથી મારી નાંખીશ જેવી ધાક - ધમકીઓ આપી આ યુવતી સાથે વિજયભાઈ દ્વારા બળજબરી પુર્વક તેણીની સાથે બળાત્કાર ગુજાર્યો હતો. આ બાદ પણ વિજય દ્વારા યુવતીને મારી નાંખવાની ધાક - ધમકીઓ આપી ગમે ત્યારે તેની મન મરજીથી બોલાવી અવાર નવાર પણ બળાત્કાર ગુજારતો હતો. આ બાદ આ યુવતીને ગર્ભ રહી ગયો હતો અને કેટલાક દિવસો પુર્વે આ યુવતીને ડિલીવરી થઈ હતી.

આ સમગ્ર મામલે ન્યાયની ગુહાર માટે બળાત્કારનો ભોગ બનેલ યુવતી દ્વારા આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે યુવક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૫ કોરોનાના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૦૫ કોરોના દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૬૬૫ ને પાર થઈ ચુક્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૨૫૪ પૈકી ૦૫ અને રેપીટ ટેસ્ટના ૪૨૧ પૈકી ૦૦ મળી આજે કુલ ૦૫ કોરોના કેસો સામે આવ્યા છે. જેમાં દાહોદ અર્બનમાંથી ૦૩, લીમખેડામાંથી ૦૧, ગરબાડામાંથી ૦૨, ધાનપુરમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૭ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૧૬ રહેવા પામી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૯૨ રહેવા પામી છે.

# દાહોદ કોંગ્રેસ સમિતિના પ્રભારી દ્વારા પાલિકા, તાલુકા અને જીલ્લા પંચાયતની ચુંટણીના દાવેદારોને સાંભળશે

દાહોદ,

આગામી જિલ્લા પંચાયત,તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચુંટણીની તૈયારીઓના ભાગરૂપે તારીખ ૦૩ અને ૦૪ જાન્યુઆરીના રોજ જિલ્લાના પ્રભારીઓ ઉપસ્થિત રહી દાવેદારોને સાંભળનાર હોવાનું જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જાણવા મળી રહ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીત ચાવડા ના આદેશ થી દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આગામી જિલ્લા પંચાયત,તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે તારીખ ૦૩/ ૦૧/ ૨૦૨૧.અને ૦૪/૦૧/ ૨૦૨૧ ના રોજ ચૂંટણીલક્ષી લડવા ઈચ્છુક દાવેદારોને સાંભળવા માટે જિલ્લાના પ્રભારીઓ ઉદેસિંહ બારીયા, ખુમાનસિંહ ચૌહાણ અને રણજીતભાઈ રાઠવા જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યાલય પર ઉપસ્થિત રહેવાના છે. પ્રથમ દિવસે તારીખ ૦૩/૦૧/ ૨૦૨૧ ના રોજ લીમખેડા, દેવગઢ બારીયા, ધાનપુર ગરબાડા, દાહોદ તાલુકાના અને તારીખ ૦૪/૦૧/૨૦૨૧ ના રોજ ઝાલોદ ફતેપુરા, સંજેલી અને સિંગવડ તાલુકાના જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત લડનાર ઈચ્છુક દાવેદારો ને સાંભળવાના છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 113

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ-દાહોદ અને મહિસાગર જીલ્લામાં

# વાદળછાયા વાતાવરણને લઈ ઠંડી વધી મોડી સાંજે કમોસમી વરસાદ





## લોકો ઠંડીમાં ઠુઠવાયા ગરમ કપડા અને તાપણાંનો સહારો લીધો

ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં છેલ્લા બે દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડક જોવા મળી છે. કમોસમી વરસાદ થવાની શકયતાને લઈ ખેડુતોમાં ચિંતા વધી ઉભા પાકને નુકશાન થવાની ભીંતી વર્તાઈ છે.

પંચમહાલ, દાહોદ અને મહિસાગર જીલ્લામાં છેલ્લા બે દિવસ થી વાતાવરણ ભારે પલ્ટો જોવા મળી રહ્યો છે. વાદળછાયા વાતાવરણને લઈ લોકો ઠંડીમાં ઠુઠવાય રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા પંચમહાલ, મહિસાગર અને કમોસમી વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આજરોજ મોડી સાંજે દાહોદ જીલ્લામાં કમોસમી વરસાદ પડયો હતો. જેને લઈ ઠંડક વધી છે. જ્યારે ગોધરા શહેરમાં પણ વરસાદી માહોલ જોવા મળી રહ્યા છે. મોડી રાત સુધી કમોસમી વરસાદ પડી શકે છે. પંચમહાલ જીલ્લામાં કમોસમી વરસાદે ખેડુતોની ચિંતા વધારી છે. કમોસમી વરસાદને લઈ ઉભા પાકોને નુકશાન થવાની શકયતા જોવાઈ રહી છે. જીલ્લામાં વાતાવરણમા જોવા મળતા પલ્ટા સાથે વરસાદ પડવાને લઈ લોકો ઠંડીમાં ઠુઠવાઈ રહ્યા છે. આગામી દિવસોમાં કમોસમી વરસાદને લઈ ઠંડીમાં વધારો પણ થઈ શકે છે. લોકો ગરમ કપડા અને તાપણાનો સહારો લઈ રહ્યા છે. કમોસમી વરસાદ તેમજ ઠંડકને લઈને આવનાર દિવસોમાં લોકોમાં બિમારીઓનું પ્રમાણ વધી શકે છે.

# શહેરા મામલતદાર કચેરી દ્વારા ગૌચર જમીનમાં ખોટી નોંધ પાડવાના આક્ષેપ સાથે પ્રાંત કચેરીમાં રજુઆત

## ગામના રજુઆતકર્તા દ્વારા આત્મ વિલોપનની ચિમકી

શહેરા,

શહેરા મામલતદાર કચેરી ખાતે ગૌચર જમીનમાં ખોટી એક પાર્ટી અને બે કાચી નોંધ પાડવાના આક્ષેપ સાથે વલ્લભપુર ગામના આઠ યુવાનો એ જિલ્લા કલેક્ટર અને પ્રાંત કચેરી ખાતે રજૂઆત કરી હતી. આ ગામના રજૂઆત કરનાર આઠ યુવાનો માંથી ચાર યુવાનો પ્રાંત કચેરી અને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે સોમવારના રોજ આત્મવિલોપન કરનાર છે.

શહેરાના વલ્લભપુર ગામ આવેલ ગ્રેનાઈટ પથ્થરની લીઝ કાયમ માટે રદ થાય તે માટે ગામના જાગૃત નાગરિકો એ ગાંધીનગર સુધી રજુઆત કરવામાં આવી છે. આ ગામના જાગૃત નાગરિક જે.બી.સોલંકી સહિતનાઓ લીઝમાં ખોદકામ કરેલની માપણી કરીને યોગ્ય કાર્યવાહી ખાણ ખનીજ વિભાગ કરે તેવી આશા રાખી રહ્યા હતા. આ ગામના યુવાન જશવંતસિંહ સોલંકી, સોલંકી ગજેન્દ્રસિંહ, નાયક મુકેશભાઈ, અરવિંદભાઈ, સોલંકી યુવરાજસિંહ તેમજ સોલંકી જશવંતસિંહ સહિતનાઓ એ મામલતદાર કચેરી ખાતે ખોટી રીતે એક પાકી અને બે કાચી નોંધ પડી હોવાનો આક્ષેપ સાથે આ નોંધ રદ કરવા માટે પ્રાંત કચેરી અને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી, સાથે મામલતદાર કચેરી ખાતે ગૌચર જમીનમાં પાડેલ કુલ ત્રણ નોંધ રદ નહી કરવામાં આવેતો આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી. આ વલ્લભપુર ગામના આઠ જેટલા યુવાનો લીઝની જમીનમાં પાડેલ એક પાકી અને બે કાચી નોંધ રદ કરવાના લઈને આઠ માંથી ચાર યુવાનો કલેક્ટર કચેરી ખાતે અને બીજા ચાર યુવાનો પ્રાંત કચેરી ખાતે આત્મવિલોપન સોમવારના રોજ એટલે આજે કરનાર છે. પોલીસ દ્વારા પણ આ આઠ યુવાનો આત્મવિલોપનના કરે તે માટે તેમના ઘરે તપાસ કરવા છતાં મળીના આવ્યા હતા. ત્યારે આજે પોલીસ સહિતના અન્ય તંત્ર આઠ યુવાનો આત્મવિલોપન કરતા અટકાવવા માટે ની કાર્યવાહી કરશે.

# હાલોલ કંજરી રોડ ઉપર ત્રણ મહિના પહેલા બનેલ નાળાનો સ્લેબ તોડી ટ્રક ફસાઈ



## હલ્કી ગુણવતાની કામગીરીનો બોલતો પુરાવો

હાલોલ,

હાલોલના કંજરી રોડ ઉપર ત્રણ મહિલના અગાઉ વરસાદી પાણીના નિકાલના નાળા ઉપર સ્લેબ ભરવામાં આવ્યો હતો. હલ્કી ગુણવતા થી બનેલ સ્લેબ ટ્રકનું વજન સહન નહિ કરી શકતા ટ્રક સ્લેબ તોડીને ફસાઈ હતી. ભારે મહેનત બાદ ટ્રકને બહાર કાઢવામાં આવી.

હાલોલના કંજરી રોડ ઉપર બીજેપી કાર્યાલય પાસે પાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે નાળા ઉપર ત્રણ માસ પહેલા સ્લેબ નાખવામાં આવ્યો હતો. ત્રણ મહિના અગાઉ તૈયાર કરવામાં આવેલ સ્લેબ ઉપર થી માટી ભરેલ ટ્રક પસાર થઈ રહી હતી. આ ટ્રકનું વજન સહન નહિ કરી શકતાં ટ્રકના વ્હલ નાળાનો સ્લેબ તોડીને ફસાઈ ગઈ હતી. ટ્રકને કાઢવા માટે જેસીબીનો સહારો લઈ ટ્રક માંથી માટી ખાલી કરી હતી. અને ભારે જહેમત બાદ ટ્રકને બહાર કાઢવામાં આવી હતી. આમ પણ હાલોલ પાલિકાના કામોમાં ભ્રષ્ટાચાર અને હલ્કી ગુણવતાના કામો થતો હોવાના અનેક આક્ષેપો અવાર–નવાર થતાં રહે છે. ત્યારે આજરોજ ત્રણ મહિના પહેલા વરસાદી પાણીના નિકાલના નાળા ઉપર નવો બનેલ સ્લેબ તુટી જવાની ઘટનાથી પાલિકા દ્વારા કેવા પ્રકારની કામગીરી થતી હશે તેવા પુરાવાો જોવા મળ્યો છે. હાલોલ પાલિકા વિસ્તારમાં ત્રણ મહિના બનેલ સ્લેબ તુટી જવા પામ્યો છે. ત્યારે હલ્કી ગુણવતા કામ કરતાં કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરવામાં આવશે ખરી ?

# કાલોલના જેતપુર પાટીયા ગામે ઝાડીમાં ગોંધી રાખેલ ૪ પશુઓને પોલીસે છોડાવ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના જેતપુર પાટીયા પાસે ઝાડીઓમાં કુરતા પૂર્વક પશુઓને ગોંધી રાખવામાં આવ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ૪ પશુઓ કિંમત ૬૦,૦૦૦/– રૂપીયા સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના જેતપુર પાટીયા ગામે ઝાડીઓમાં ૪ પશુઓને કુરતા પૂર્વક ગોંધી રાખવામાં આવ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન પોલીસે ૪ પશુઓ કિંમત ૬૦,૦૦૦/– રૂપીયાને છોડાવી લીધા હતા. જ્યારે સ્થળ ઉપર થી ઈદ્રીશભાઈ ઉર્ફે ગોપી આકીમભાઈ પટેલ, શૈલેષ વનુભાઈ નાયક સહિત ત્રણ વ્યકિતને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે એક ઈસમ નાશી છુટવામાં સફળ રહ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા શહેરા ભાગોળ થી પીમ્પુટકર ચોક સુધીના રસ્તાની કામગીરી શરૂ કરાઈ

ગોધરા,

ગોધરા શહેરના હાર્દ સમાન અને શહેરને મુખ્યમાર્ગોને જોડતો શહેર ભાગોળ થી સ્વામી નારાયણ મંદિર પીમ્પ્યુટકર ચોક રસ્તાનું ખાત મુહરત ધારાસભ્ય સી.કે.રાઉલજીના વરદ હસ્તે કરવામાં આવ્યુ હતું અને હાલ આ રસ્તાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ રસ્તા ઉપર અતિ ભારે વાહનોની સતત અવર જવર રહેતી હોય અને ગોધરા શહેરના હોલસેલ માર્કેટ, રેલવે સ્ટેશન, ધાર્મિક સ્થાનો, બી ડિવિઝન પોલીસ સ્ટેશન, શાકમાર્કેટમાં, બસ સ્ટેન્ડ તમામ મુખ્ય સ્થળોએ જવા માટે તેનો ઉપયોગ થતો હતો.શાળાના બાળકોને પણ આ રસ્તો ઉપયોગી હતો. રસ્તાના કામ માટે માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ દ્વારા પણ રાજ્ય સરકારમાં રજુઆત કરવામાં આવી હતી. અને સ્થાનિક અગ્રણીઓ અને ધર્મગુરૂઓ દ્વારા પણ માજી સાંસદ ને રજુઆત કરવામાં આવી હતી.

# હાલોલ તાલુકાના કુપાડિયા પ્રા.શાળાની જનવિકાસ સંસ્થાના સ્થાપકએ SMC સભ્યોની મુલાકાત લીધી



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

જન વિકાસ સંસ્થા હાલોલ તાલુકાની ૪૧ શાળામાં રાઈટ ટુ એજયુકેશનના કાયદા પર કામ કરે છે અને તેને જાગૃતતા માટે કામ કરી રહી છે. ત્યારે આ સંસ્થાના સ્થાપક ગગનભાઈ શેઠી કુંપાડીયા પ્રા.શાળાની મુલાકાત લીધી.

હાલોલ અને કાલોલના એકિટવ સાથીઓની મુલાકાત અને ઉડાન કાર્યક્રમની શિક્ષણની કામગીરી જોવા અને આગળ શું કરી શકાય ને બાબતની ચર્ચા વિચારણા કરવા માટે જનવિકાસ સંસ્થાના સ્થાપક ગગનભાઈ શેઠી, ઉંડાન એજયુકેશનના સપોર્ટર રિદ્ધિ બેન, જનવિકાસા સંસ્થાના CEO કીર્તિબેન અને હાલોલા જનવિકાસ સંસ્થાના કાર્યકર્તાઓ કુંપાડિયા પ્રાથમિક શાળામાં આવ્યા.

આ કાર્યક્રમમાં કુંપાડિયા પ્રાથમિક શાળાના એસ.એમ.સી સભ્યો, ઉજેતી પ્રાથમિક શાળાના એસ.એમ.સી. સભ્ય ગુલાબભાઈ અને ઉજેતી પંચાયતના ડેપ્યુટી સરપંચ રમણભાઈ પણ હાજર રહ્યા.

આ કાર્યક્રમમાં શિક્ષણને લાગતી ચર્ચાઓ કરવામાં આવી. એસ.એમ.સીના સભ્યોની કામગીરી શું છે ? કઈ રીતે એસ.એમ.સી પોતાના ગામની પ્રાથમિક શાળાનું વિકાસ કરી શકે. શિક્ષણ સિવાય અન્ય બીજી ઘણી બધી પ્રવૃત્તિઓ છે. જેવીકે સિલાઈ કામ, ચિત્રકામ, માટીકામ, સુથાર કામ, કડિયા કામ આવી બધી ઘણી બધી બાબતો વિશે ચર્ચા જનવિકાસ સંસ્થાના સ્થાપક ગગનભાઈ શેઠી દ્વારા ચર્ચા કરવામાં આવી અને કુંપાડિયા પ્રાથમિક શાળાના એસ.એમ.સી અધ્યક્ષ વિક્રમભાઈ અને બીજા એસ.એમ.સી.ના સભ્યો સારી કામગીરી ને લઈને જન વિકાસ સંસ્થાના સ્થાપક ગગનભાઈ શેઠી દ્વારા તેમને બાશી આપવામાં આવી.

## નાનકડી ધૂમ બાઈક બની આકર્ષણનું કેન્દ્ર



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

તસ્વીરમાં નજરે પડતી નાનકડી ધૂમ બાઈક ગોધરા શહેરમાં આજે જોવા મળી હતી. જેને જોવા માટે સૌ નાના બાળકો ઉમટી પડ્યા હતા. પેટ્રોલથી ચાલતી આ નાનકડી ધૂમ બાઈક સૌ કોઈનુ આકર્ષણનું કેન્દ્ર બની હતી.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

કોરોનાની મહામારી વચ્ચે હાલમાં જ યું.કે.માં કોરોના ને લગતા નવા સ્ટ્રેન ના રોગ જોવા મળતા તેની ગંભીરતા ને ધ્યાને લઈને સમગ્ર શહેરા નગરના વહેપારીઓ ને બંધ રાખવા પાલિકા એ આદેશ કર્યો હતો. જેનું પાલન કરતા નાના મોટા અને રોજીંદા કમાઈ ને ખાનાર વહેપારીઓ એ પોતાના ધંધા રોજગાર સતત પાંચમા રવિવારે બંધ રાખ્યા હતા. જેના પગલે મેઈન બજાર, સિંધી માર્કેટ સહિતના અન્ય બજારો સજ્જડ બંધ હોવા સાથે સૂમસામ રહ્યા.

# પંચમહાલ જીલ્લામાં આજે ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૮૨૧ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૨ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૮૨૧ થવા પામ્યો છે.

**- ૧૦ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૧૨૫.**
**- મૃત્યુ આંક - ૧૩૫.**

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા–૧૦, હાલોલ–૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

માણસને પોતાનો તથા પરિવારના પેટનો ખાડો પૂરવા મહેનત મજૂરી કરવી પડે છે. આવું જ એક મહેનત મજૂરી કરતું દંપતી કે જે પોતાના શિશુને સાથે રાખી ગેસના ફૂગ્ગા વેચી પોતાનો તથા પરિવારનો પેટનો ખાડો પૂરવા મથી રહ્યા છે.

# ઘોઘંબા ખાતે ગરીમા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા ખાતે આજરોજ એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્દુ બ્લડ બેન્ક વડોદરા તથા રેડક્રોસ સોસાયટી ગોધરાના ડો. તથા સ્ટાફ દ્વારા પોતાની સેવાઓ આપી કેમ્પને સફળ બનાવવામાં આવ્યો હતો. વડોદરા ઈન્દુ બ્લડ બેંક અને ગોધરા રેડક્રોસના ડો.ચૌહાણ સહિતનો સ્ટાફ હાજર રહ્યા હતા અને પોતાની સેવાઓ આપી હતી. બપોરના ૧૨ વાગ્યા સુધીમાં લગભગ ૩૨ યુનિટ લોહી એકત્ર કરવામાં આવ્યું છે અને ૨૫૦ યુનિટ બ્લડ એકત્ર કરવાનું અંદાજ છે. તેવું ગરીમા ફાઉન્ડેશનના કુણાલસિંહ ખેર દ્વારા જણાવવામાં આવ્યું છે. આ કેમ્પમાં રાજગઢ પોલીસ સ્ટેશનના પી એસ આઈ આર.આર.ગોહીલ તથા ઘોઘંબા રેફરલ હોસ્પિટલના મેડીકલ ઓફિસર ડો. પારસ પટેલ પણ હાજર રડચા હતા અને રકતદાન મહાદાનના સૂત્ર અનુસાર, વધુમાં વધુ યુવકો આવા કેમ્પમાં જોડાઈને સમાજ ને મદદરૂપ થવા અપીલ કરી હતી.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ટ્વિશા હિલીંગ કિંગડમ ટીમ ના યુવાનો અને યુવતીઓ દ્વારા નવા વર્ષની ઉજવણીના ભાગરૂપે જાતે પોતાના હાથે બનાવેલા આસરે ૨૫૦ થી વધુ ફૂડ પેકેટસનું જરૂરીયાતમંદ લોકો માં વિત્રણ કરવામાં આવ્યું. ઉપરાંત જરૂરીયાતમંદ લોકોની સેવા માટે હમેશાં પોતાનું યોગદાન આપતા આ ગ્રુપ દ્વારા સમયે સમયે જીવન જરૂરિયાત ની ચીજ વસ્તુઓ, તેમજ પોતાના ઘરે જુદા જુદા પ્રકાર ની ખાસ વાનગીઓ બનાવીને જરૂરીયાતમંદ લોકોને પેકેટસ બનાવી વિતરણ કરવામાં આવે છે. યુવાનોના ગ્રૂપ દ્વારા ગોધરા શહેર અને આસપાસના ગામોમાં કરવામાં આવતા સમાજસેવાના કામની પ્રેરણા લઈ શહેરના અન્ય યુવાનો પણ સમાજસેવા કરવા પ્રેરાયા છે.